આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના એગ્રીકલ્ચરલપ્રોસેસ ઈજનેરી વિભાગ દ્વારા **"મકાઈનાપાકમાં કાપણી પછીની વિવિધ પ્રક્રિયાઓ, વ્યવસ્થાપન અને મુલ્યવર્ધન"** વિષય પર તા. ૨૧/૧૦/૨૦૧૬ ના રોજ એક દિવસિય તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં કાલોલ તેમજ શહેરા તાલુકાના અંદાજીત ૬૦ જેટલા ખેડુતો હાજર રહ્યા હતા.. કાર્યક્રમ ની શરૂઆત દીપપ્રાગટ્ય તથા પધારેલ મહેમાનોને પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.









ડૉ.આર.સુબૈયા, આચાર્યશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા તેમજ ડૉ. એસ,એમ, ખાનોરકાર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્રએ મહેમાનો તથા પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું.



આ તાલીમમાં શિયાળુ મકાઇની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી વિષય પર પ્રો. કે. એચ. પટેલ, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા, મકાઇમાં આવતા રોગ અને જીવાત નિયંત્રણ ના વિષય પર ડો. એસ.કે. સિંગ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લા. પેથો.), મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા, મકાઈની કાપણી બાદની પ્રકિયાઓ અને તેનું આયોજન ના વિષય પર ઈજ. કમલેશ આર. જેઠવા, મદદનીશ પ્રાધ્યાપક, એપીઇ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા મકાઈની કાપણી પછીની વિવિધ પ્રકિયાઓથી મુલ્યવર્ધન વિષય પર ડૉ. નીરજ શેઠ, મદદનીશ પ્રાધ્યાપક, એપીઇ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા અને ઈજ. સંજય જે.

પારગી, સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ, એપીઇ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા તેમજ મકાઈની મુલ્યવર્ધન પ્રક્રિયાઓ ના વિષય પર ડૉ. નવનીત કુમાર, વિભાગીય વડાશ્રી, એગ્રીકલ્ચરલ પ્રોસેસ ઈજનેરી વિભાગે વ્યાખ્યાન આપ્યા.

તાલીમના અંતે ડો.નીરજ શેઠ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડુતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી. આભાર વિધિ પછી તમામ ખેડૂતોને પ્રદર્શન હૉલ તેમજ એપીઇ વિભાગની લેબોરેટરીઓની મુલાકાત કરાવાવમાં આવી હતી.